

# ‘શિક્ષકદિન’ એટલે...

**મૃદુલા મારફતિયા**

**સો**મવારે પાંચમી સપ્ટેમ્બર! આપણે આ દિવસને ‘શિક્ષકદિન’ તરીકે દેશભરમાં ઊજવીએ છીએ. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનનો એ જન્મદિન છે. તેઓ એક બહુશ્રુત ફિલસૂફ હોવા ઉપરાંત એવી વિદ્વતા ધરાવતા હતા કે ભારત વર્ષના પ્રાચીન વેદવેદાન્તના શાસ્ત્રગ્રંથોના અમૂલ્ય ખજાનાને તેની સંપૂર્ણ ગરિમા સહિત તેઓ પશ્ચિમી દુનિયા સમક્ષ પોતાની ચોટદાર અંગ્રેજીમાં ગૌરવભેર પેશ કરી જાણતા. કેવળ ભારતની જ નહીં, બલકે વિશ્વભરની ખ્યાતનામ યુનિવર્સિટીઓમાં પણ તેમણે એક ઊંચી કક્ષાના તત્ત્વવિચારક અને ઉત્તમ પ્રાધ્યાપક તરીકે પોતાનું યોગદાન આપીને અપૂર્વ એવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ તેના ભિન્નભિન્ન વિચારપ્રવાહો તેમ જ ફિલસૂફીનો ઊંડો અભ્યાસ કર્યો હોવાને કારણે તેની તુલનાત્મક આલોચના અને સમન્વય તેઓ એક સિદ્ધહસ્ત વિજ્ઞાનીની અદાથી કરી જાણતા. તેમનું સંસ્કૃત ભાષાનું તલસ્પર્શી જ્ઞાન તેમ જ અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ એટલું અનુપમ હતું કે તેમનાં પુસ્તકો કહો કે વ્યાખ્યાનો - એ સર્વેમાં તેમની અનોખી પ્રતિભા પ્રતિબિંબિત થતી.

એવા પ્રખર તત્ત્વવેત્તા, વિલક્ષણ વક્તા, પ્રતિભાવંત લેખક, સૂક્ષ્મ વિચારક અને સક્ષમ સ્ટેટ્સમેનના જન્મવાસરે તેમનું સ્મરણ કરીને આપણે ‘શિક્ષકદિન’ મનાવીએ છીએ. આવા શુભ અવસરે મને અચૂક યાદ આવી જાય છે મારા માનસ-ઘડતરમાં માતબર યોગદાન દેનારી કેટલીક પ્રાતઃસ્મરણીય વ્યક્તિઓ... ખાસ કરીને તો ગળથૂથીમાંથી જ મૂલ્યનિષ્ઠ સંસ્કારોનું પાન કરાવનારી મારી વહાલસોયી જન્મદાત્રી સ્વ. સરસ્વતીબેન ભાઈદાસ મોદી, અંધેરીની શેઠ માધવદાસ અમરસી હાઈસ્કૂલના વાઈસ-પ્રિન્સિપાલ સ્વ. મધુસૂદનલાલ સી. વૈદ્ય, જેમણે મને શાળાંત પરીક્ષાની પૂર્વતૈયારી રૂપે સવિશેષ જાણકારી ઉપલબ્ધ કરાવી (પ્રતિદિન ચા-પાણીની રિસેસ દરમિયાન પોતાના આરામના ભોગે!) તેમ જ બાર-બાર વર્ષીય મારા કૉલેજકાળ દરમિયાન જેમણે દિન-પ્રતિદિન લગાતાર મને ગીતા, ઉપનિષદો તેમ જ બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્યનું તલસ્પર્શી અધ્યયન કરાવ્યું - (તદ્દન નિઃસ્પૃહ ભાવે, કાણી-કોડીનીય કે અન્ય ભૌતિક વળતરની સદંતર અપેક્ષા રાખ્યા વિના) એવા સેંટ ઝેવિયર્સ કૉલેજના મારા પરમ પૂજનીય ગુરુ સ્વ. પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા! Academic શિક્ષણ આપવા ઉપરાંત જીવનલક્ષી મૂલ્યોનું પ્રદાન કરનારા આવા સદૈવ સમ્માનનીય ગુરુજનોનું સતત સંસ્મરણ કરતા રહેવું એ મારા જીવનનો એક સ્થાયીભાવ બની ગયો છે એમ કહું તો તેમાં અતિશયોક્તિ નથી અને આજના ‘શિક્ષકદિન’ જેવા મંગલ અવસરે તો તેમને હૃદયપૂર્વક સવિશેષ પ્રણામ કરીને ધન્યતા અનુભવું છું. - બાકી, આવા નિઃસ્વાર્થ ગુરુઓનું ઋણ તો ક્યારેય ફેડી શકાય એમ નથી. ચાણક્યે કહ્યું છે તેમ ગુરુએ જો એક અક્ષરનો પણ બોધ આપ્યો હોય; તો પૃથ્વી પર એવું કોઈ દ્રવ્ય નથી જે આપીને એ ગુરુ-ઋણમાંથી મુક્ત થઈ શકાય. **‘યાવન્નાનુગ્રહઃ સાક્ષાજ્યાયતે પરમેશ્વરાત્, તાવન્ન સદ્ગુરુઃ કશ્ચિત્સચ્છાસ્ત્રં નોપલભ્યતે।।’** પરમેશ્વરની કૃપાથી જ આવા સદ્ગુરુ તેમ જ સાત્ત્વિક શાસ્ત્રજ્ઞાન સાંપડે છે.

આજે તો આવા નિરતિશય સ્નેહભાવે જ નિર્વ્યાજ વિદ્યાદાન કરનારા ગુરુ શોધ્યા ન સાંપડે! જુદા જુદા ધર્મના મઠ, આશ્રમ આદિ સ્થાપીને તેની ગાદી પર બિરાજનારા યથાકથિત ગુરુઓ તો આજકાલ ઠેર ઠેર જોવા મળે છે, જેઓ ભોળા, ભાવુક અનુયાયીઓને ભોળવીને તેમનું ધન આંચકી લેવામાં માહેર હોય છે. ‘ગુરવો બહવઃ સન્તિ શિષ્યવિત્તાપહારકાઃ’ - પરંતુ સંસારની માયાજાળમાં ફસાઈને અનેક આધિ-વ્યાધિ-ઉપાધિનો શિકાર બની ગયા હોય અને અજ્ઞાનને કારણે વિધવિધ પ્રકારની ચિંતામાં ડૂબી ગયા હોય એવા શિષ્યોના સંતાપનું હરણ કરનારા સદ્ગુરુ તો જવલ્લે જ જોવા મળે છે!

ઉપનિષદોમાં ગુરુનો મહિમા ઠેરઠેર ગવાયેલો છે. ‘ગુરુ’ એટલે અધ્યાત્મપંથના ભોમિયા, જેના માર્ગદર્શનથી જિજ્ઞાસુ સાધકની વિકટ યાત્રા સુકર બને છે. કઠોપનિષદ કહે છેઃ **‘ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્ નિબોધત’** અર્થાત્ ઊઠો, જાગો અને ઉત્તમ પુરુષો (ગુરુઓ)ને મેળવીને જ્ઞાનપ્રાપ્તિ કરો. શંકરાચાર્યનું વિધાન છે: **‘જ્ઞાનાદેવ તુ કૈવલ્યમ્’** એટલે કે જ્ઞાન દ્વારા જ મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. આત્મજ્ઞાન દ્વારા મનુષ્ય સંસાર-સાગર તરીને કૃતાર્થ થઈ શકે છે, એવું આપણા સંતો કહે છે. બાકી આજના ઈન્ટરનેટ અને ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીના જમાનામાં (જ્યારે વિવિધ વિષયો અંગેની માહિતી કેવળ આંગળીનું ટેરવું બટન પર દબાવવાથી તત્ક્ષણ ઉપલબ્ધ થઈ જતી હોય ત્યારે -) આપણે ભારતની પ્રાચીન ગુરુ-શિષ્ય પરંપરાની વાત સુધ્ધાં કાઢીએ તો આજની પ્રજા કદાચ આપણને જૂનવાણી તેમ જ Out-dated ગણીને હાંસીપાત્ર ઠરાવે!... આમ છતાં એટલું તો જરૂર કહેવું રહ્યું કે આજે જે નરી જાણકારીનો જુવાળ ચોગરદમ ફેલાયેલો નજરે પડે છે, તેમાં આત્મતત્ત્વના જ્ઞાનનું તો નામોનિશાન સુધ્ધાં નજરે પડતું નથી! બાહ્ય વિશ્વના સ્થૂળ વિષયોની માહિતીઓની મંજૂષા એટલી ખીચોખીચ ભરાઈ ગઈ છે કે તેમાં આપણો વારસારૂપ આત્મદર્શનનો ભવ્ય આદર્શ ક્યાં અટવાઈ ગયો છે, રામ જાણે!

પુરાતનકાળથી ચાલી આવેલી પવિત્ર એવી ગુરુ-શિષ્યની પ્રણાલી આજે મહદ્ અંશે અદશ્ય થઈ ગઈ છે, છતાંય આજદિન સુધી તેના અવશેષરૂપે રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, અરવિંદ ઘોષ, માતાજી, રામકૃષ્ણ મિશનના જ્ઞાનનિષ્ઠ તેમ જ અધ્યાત્મને આજીવન વરેલા અનેક આચાર્યો વગેરે કેટલાક જ્વલંત ઉદાહરણો મોજુદ છે. વિદ્યાપ્રાપ્તિ કાજે બચપણથી જ ગુરુ-આશ્રમમાં રહીને બાળક વિદ્યાપાર્જન કરવા ઉપરાંત ગુરુના ગાઢ સંપર્કને કારણે તેમની રહેણીકરણી, આચારવિચાર ઈ.ને આત્મસાત કરી શકતો. સત્યપાલન, ધર્માચરણ, સાદગી, ત્યાગ, સેવા, શ્રમ વગેરે વિશે પ્રાથમિક શિક્ષા દ્વારા તેનું સમગ્ર ચારિત્ર્ય-ઘડતર થતું તેમ જ ગુરુકુળમાંથી વિદાય લેતી વેળાએ ગુરુ જે દીક્ષાન્ત પ્રવચન આપતા તેમાં સદાચાર, વિનય-વિવેકપૂર્ણ વર્તણૂક, ગૃહસ્થ તરીકેનાં આવશ્યક કર્તવ્યો વ. અંગે ઉત્તમ પ્રકારની શિખામણ આપવામાં આવતી - જે શિષ્યના જીવનનું મૂલ્યસભર, ઉત્કૃષ્ટ ઘડતર કરવા સક્ષમ હતી - આજે તો સ્કૂલ-કૉલેજમાં જે પ્રકારની શિક્ષણપ્રથા ચાલે છે તેમાં ઉપરોક્ત લાભોનો સમાવેશ શક્ય જ નથી! શિક્ષકો/પ્રાધ્યાપકો પ્રાયઃ પોતાના અધ્યાપનના કામને એક job કેવળ એક નોકરી - એક પેટિયું રળવાનું સાધન સમજીને, પુસ્તકિયાં ભાષણમાં જ પોતાના કર્તવ્ય (?)ની ઈતિશ્રી સમજે છે: તો શિષ્યોમાં પણ સાચી ‘શિષ્યવૃત્તિ’ યા ‘વિદ્યા-અર્થી’પણાંનો સદંતર અભાવ નજરે પડે છે!

જ્યારે આવી પરિસ્થિતિ હોય, જ્યારે શિક્ષક અને શિષ્ય એ બન્ને પોતાનાં કર્તવ્ય યા ધર્મ (duty)ને વિસરી ગયા હોય, ત્યારે એ બે વચ્ચે આત્મીયતા ક્યાંથી સધાય? - અને જીવનલક્ષી, જીવનોપયોગી, મૂલ્યનિષ્ઠ ચારિત્ર્ય-ઘડતરની વાત સાવ કોરાણે જ મૂકી દેવી રહી!!

વાસ્તવમાં જેમ સદ્ગુરુ દુર્લભ છે, તેમ સાચો ‘વિદ્યા-અર્થી’ યા સાચી વિદ્યા પ્રાપ્ત કરવાની ઉત્કટ તાલાવેલી ધરાવતો જિજ્ઞાસુ વિદ્યાર્થી/શિષ્ય સુધ્ધાં દુર્લભ છે. અખાભગતની વાણીનું સ્મરણ થઈ આવે છે:

‘અખા! એ ગુરુ શું મૂકે પાર? જેના શિષ્ય ગર્દભ, ને ગુરુ કુંભાર!’ આમ, ગુરુ અને શિષ્ય એ બન્ને પાત્રતા હોવી આવશ્યક છે. આપણા સમગ્ર વેદવાઙ્મયમાં તેમ જ અન્ય શાસ્ત્રગ્રંથોમાં ‘ગુરુ’ અને ‘શિષ્ય’ એ બન્ને આવશ્યક લક્ષણો અંગે સારી એવી વિચારણા થયેલી જોવા મળે છે. પોતાના ઉદ્ધાર યા આત્મકલ્યાણ કાજે ગુરુની શરણાગતિ સ્વીકારનાર મુમુક્ષુ (મુક્તિની ઝંખના સેવનાર) શિષ્યમાં જ્ઞાનપ્રાપ્તિ અંગેની પ્રબળ ઈચ્છા હોવા ઉપરાંત નમ્રતા તેમ જ ગુરુમાં અવિચળ શ્રદ્ધા હોવી જરૂરી છે. આવા ભાવુક અને એકનિષ્ઠ શિષ્યને જ્ઞાન-પ્રદાન કરતા અગાઉ ગુરુ તેના અધિકાર/પાત્રતાની કસોટી કરે છે અને ત્યાર પછી જ યોગ્ય માર્ગદર્શન આપતો હોય છે. વળી મુક્તિ પામવાની આકાંક્ષા સેવનાર શિષ્યનું ચિત્ત ચંચળતાથી મુક્ત હોવું જરૂરી છે અને તે રાગદ્વેષરહિત તેમ જ શમદમાદિ સાધનથી સંપન્ન હોવો જોઈએ. આવા આજ્ઞાંકિત, વિનમ્ર અને સુપાત્ર શિષ્યને ગુરુ સ્વકીય આત્મજ તરીકે પ્રેમપૂર્વક અપનાવે છે, જેથી બન્ને વચ્ચે નિર્વ્યાજ પ્રેમ અને આત્મીયતા સભર વિશ્વાસનો અતૂટ એવો સેતુ રચાય છે અને બીજી તરફ ‘ગુરુ’ સુધ્ધાં એવા હોવા જરૂરી છે, જે નિષ્પાપ હોય, નિષ્ઠાવાન અને નિષ્કામ હોય, શાસ્ત્રના શબ્દો પાછળ છુપાયેલા અક્ષર-પરમાત્માનો નિર્દેશ કરવાની ક્ષમતા ધરાવનાર ‘શ્રોત્રિય’ હોય, ઉત્તમ બ્રહ્મવેત્તા હોય, બળતણવિહોણા અગ્નિસમાન શાંત હોય, કોઈ પણ સ્વાર્થભાવના વગર જ સૌ પ્રતિ દયા દાખવી શકે એવા કરુણામૂર્તિ હોય. (જુઓ ‘વિવેકચૂડામણિ’ શ્લોક ૩૪-૩૫).

આમ આત્મજ્ઞાનની પ્રાપ્તિ કાજે ઉપરોક્ત લક્ષણો ધરાવતો ‘સુપાત્ર’ શિષ્ય જ્યારે વિનમ્રભાવે, ભક્તિ અને શ્રદ્ધાસભર મન રાખીને (ઉપરોક્ત ગુણો ધરાવનારા) સદ્ગુરુ સમક્ષ આત્મનિવેદન કરે છે, ત્યારે કેવળ શાસ્ત્રોપદેશ જ નહીં, અપિ તુ જીવનોપલક્ષી એવા સનાતન મૂલ્યોપદેશનું આદાન-પ્રદાન સુકર બને છે.



# દોઢ લાખ ગણેશમૂર્તિઓ બનાવી વિક્રમ સર્જતાં રમાબહેન શાહ

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૩: વર્ષ ૨૦૦૦થી ૨૦૧૧ સુધીનાં ૧૧ વર્ષના સમયગાળામાં ગણપતિની દોઢ લાખ મૂર્તિઓનું સર્જન કરવા બદલ રમા સતીષ શાહે લિમ્કા બુક ઑફ રેકર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. આ માટે તેમને વર્લ્ડ રેકર્ડ્સનું સર્ટિફિકેટ પણ મળ્યું છે. તેમણે વર્ષ ૨૦૦૦થી ૨૦૧૦ સુધી દસ વર્ષમાં સવા લાખ મૂર્તિ બનાવી હતી અને ૩૦મી ઑગસ્ટ, ૨૦૧૧ સુધીમાં કુલ દોઢ લાખ મૂર્તિઓનું સર્જન કરીને આ બહુમાન મેળવ્યું છે. સર્જન કરેલી દરેકે દરેક મૂર્તિની ચીવટપૂર્વક તેમણે નોંધ રાખી હતી.

મોલ્ડ કે બ્લૉક વિના માત્ર સ્વયંસ્ફૂરણાથી આંખે પાટા બાંધી ગણેશમૂર્તિ બનાવી રમાબહેન શાહે અભૂતપૂર્વ કહી શકાય એવી સિદ્ધિ મેળવી છે અને એ માટે વિવિધ સંસ્થાઓએ તેમનું સન્માન પણ કર્યું છે. રમાબહેન શાહનું નૈરોબી, લંડન, અમેરિકા, દુબઈ વગેરે સ્થળોએ બોલાવી આંખે પાટા બાંધી ગણેશમૂર્તિઓ બનાવવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આંખ બંધ અને મૂર્તિની બધી જ ડીટેઈલ સાફો, કંદોરો, ખેસ, હાર. ગણેશ વાહન-નાનામાં નાનો ઉંદર પણ બંધ આંખે આબેહૂબ તેઓ બનાવી દે છે. એક જ મિનિટમાં અષ્ટવિનાયક, દોઢ બે મિનિટમાં અલગ અલગ સ્વરૂપની પા સે.મી.ની નાનામાં નાની અને મોટામાં મોટી નવ ઈંચની એવી ઘણી બધી મૂર્તિ તેઓ બનાવે છે. રમાબહેનની વેબસાઈટ www.ramasganesha છે, જેમાં ઘણી બધી માહિતી મળશે. તેમનો સંપર્ક ૦૯૩૨૩૯૭૩૩૪૮ અને ૦૯૮૩૩૦૫૩૩૪૮ સાધી શકાય છે.

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મદિવસની ભવ્ય ઉજવણી

ચોટીલા, તા. ૩: રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૧૫મી જન્મજયંતી નિમિત્તે ૨૮ ઑગસ્ટ, ૨૦૧૧ના દિવસે એમના જન્મસ્થળ ચોટીલા ખાતે ઝવેરચંદ મેઘાણી રચિત - સંપાદિત ગીતો - લોકગીતો - ભજનોનો ભવ્ય કાર્યક્રમ ‘સોરઠી સંતવાણી’ તેમના પૌત્ર પિનાકી મેઘાણી સહિત ગુજરાત રાજ્યના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં એક અનોખા ઉમળકા સાથે ઉજવાયો. સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાત-મુંબઈથી મેઘાણીના ચાહકો આ કાર્યક્રમને માણવા ચોટીલા આવ્યા હતા.

પોતાને ‘પહાડનું બાળક’ ગણાવતા મેઘાણીના દાદા કાળીદાસ મેઘાણી બ્રિટિશ કાઠિયાવાડ એજન્સી પોલીસમાં ફોજદાર હતા. તેમને લીધે તેમને ગુના, જેલ, પોલીસ અને તમામ વર્ણની જનતાના જીવનના મૂળભૂત પ્રશ્નોની એક અનોખી દુનિયા નજીકથી જોવા મળી, જેના રંગો તેમનાં ‘સોરઠ તારા વહેતા પાણી’, ‘જેલ ઑફિસની બારી’, ‘સૌરાષ્ટ્રની રસધાર’ તેમ જ ‘સોરઠી બહારવટિયા’ જેવાં પુસ્તકોમાં ઝીલાયાં છે. મેઘાણીની જન્મજયંતીની પૂર્વસંધ્યાએ



ઝવેરચંદ મેઘાણીનું જન્મસ્થળ - સ્મારક

રાજકોટ તેમ જ સુરેન્દ્રનગરના ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારીઓએ તેમના જન્મસ્થળની મુલાકાત લઈ શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન મેઘાણીએ જેલવાસ વેઠેલો. ‘જેલ ઑફિસની બારી’ પુસ્તક સાબરમતી જેલમાં ઑફિસનું કામ સંભાળતાં થયેલા અનુભવો પરથી રચાયું હતું.

‘સોરઠી સંતવાણી’ કાર્યક્રમમાં શાહબુદ્દીન રાઠોડે પોતાની આગવી શૈલીમાં ઝવેરચંદ મેઘાણીના જીવનના પ્રેરક પ્રસંગોની રજૂઆત કરી હતી અને અભેસિંહ રાઠોડ - દમયંતી બરડાઈ - અમુદાન ગઢવી અને અન્ય કલાકારોએ મેઘાણી રચિત - સંપાદિત લોકપ્રિય લોકગીતો - ભજનો તેમ જ અન્ય અમર રચનાઓની રમઝટ બોલાવી હતી. ઝવેરચંદ મેઘાણીનો એક મોટો ચાહકવર્ગ છે. તેમને માટે આ કાર્યક્રમ એક સંભારણું બની ગયો. સમગ્ર કાર્યક્રમનું વીટીવી પરથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.



રાષ્ટ્રીય શાયરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહેલા ગુજરાતના નાણાપ્રધાન વજુભાઈ વાળા

# બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીના ઉપક્રમે ‘કવિ અનિલ જોશી સાથે એક બપોર’ કાર્યક્રમ

અમારા પ્રતિનિધિ તરફથી

લંડન, તા ૩: બ્રિટનની ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ દ્વારા ૨૭મી ઑગસ્ટે લંડન (હેરો)ની ગેઈટન લાઈબ્રેરીમાં કવિ અનિલ જોશી સાથે એક બપોરનું આયોજન થયું હતું. અકાદમીનાં મહામંત્રી ભદ્રા વડગામાએ કવિ સહિત સાહિત્યરસિક શ્રોતાઓને લાઈબ્રેરીના શાંત છતાં સાહિત્યવ્યાસંગને પોષતાં વાતાવરણમાં આવકાર્યાં હતાં. દાયકાઓથી બ્રિટનમાં ગુજરાતી ભાષા અને સાહિત્યની મશાલ પ્રજ્વલિત રાખનાર અકાદમીના કર્મઠ જોગી અને ઑપિનિયન મેગેઝિનના તંત્રી વિપુલ કલ્યાણીએ કવિ અને નિબંધકાર તરીકે જાણીતા અનિલ જોશીના પરિચય અને કાર્યક્ષેત્રના તંતુને ગોંડલનરેશ ભગવતસિંહજીથી લઈ સાંઈ કવિ મકરંદ દવે, ઉમાશંકર, યશવંત દોશી, પન્ના અધ્વર્યુ અને મુંબઈના સિનેમાજગત સુધીના ફલક પર મૂકી કાર્યક્રમને શરૂઆતથી જ બહુમુખી અને રસાળ ભૂમિકા પૂરી પાડી હતી.

કોઈ ખર્ચાળ હૉલ, સેલેબ્રિટીની હાજરી કે માઈક/લાઉડ સ્પીકર વગર કશાય દેખાડા વગર લંડનની લાઈબ્રેરીમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય સંવર્ધનના આવા સંનિષ્ઠ ઉપક્રમથી કવિ અનિલ જોશી પ્રસન્નતાથી ખીલી ઉઠ્યા હતા. જેની સાહેદી એમની વૈવિધ્યભરી કવિતાની રજૂઆત અને આનુષાંગિક પારદર્શક કેફિયતથી મળતી રહેતી હતી. કવિએ અકાદમીના ઉપક્રમને એમનો વાત-વિસામો ગણાવી એમના જાણીતા સ્ત્રી-સંવેદનનાં ગીતોની સાથે પ્રયોગશીલ, જાહેર અને આમઆદમીના જીવનને સ્પર્શતાં ગીતો/કાવ્યો, સ્ટેચ્યૂ જેવા નિબંધસંગ્રહના નિબંધોની વાત ઉપરાંત અન્ય કવિમિત્રો, સ્વરકારો અને મેગેઝિનના તંત્રીઓ સાથેનાં ખટમીઠાં સંભારણાઓને અસ્ખલિત



અનિલ જોશી સાથે વિપુલ કલ્યાણી

વાક્પ્રવાહમાં લગભગ બે કલાક સુધી વહાવી શ્રોતાઓને રસતરબોળ કરી દીધા હતા. મોટા ભાગના ઉંમરલાયક શ્રોતાઓ વચ્ચે કેટલાક યુવાનો અને ભારતથી ભણવા આવેલા વિદ્યાર્થીઓના ચહેરા લંડનમાં પણ જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાતની યાદ અપાવી જતા હતા.

અકાદમીના ઉપપ્રમુખ સુષમાબેન સંઘવીની હાજરી આવા વધુ ઉપક્રમો માટે યુવા કાર્યકરોને પ્રોત્સાહિત નીવડી હતી. લાઈબ્રેરી બંધ થવાના સમય સુધી ચાલેલા આ અનૌપચારિક દોરનું સમાપન અકાદમીના પ્રમુખ અનિલ કાગળવાળાએ એમની બ્રિટિશ સેન્સ ઓફ હ્યુમરથી ઓસ્કર વાઈલ્ડના કવિ અને કવિતા વિશેના ક્વોટ ટાંકી કરતાં સહુના મુખે મરકલડાં પથરાયાં હતાં. આ બપોરની કેટલીક ક્ષણોના વીડિયો યુ-ટ્યુબ (www.TouTube.com) ના સર્ચ બોક્સમાં ટાઈપ કરીને માણી શકાશે.

# હાસ્ય, કરુણતા અને સર્જકતા

**બા**ળપણમાં એક ચિત્ર જોયું હતું. એ ચિત્રની લાક્ષણિકતા એ હતી કે એક બાજુથી જોતાં એ ચિત્ર રડતું લાગે અને ઊલટાવીને જોતાં એ જ ચિત્ર હસતું લાગે. ગંભીર રચનાઓનાં સર્જન સાથે હાસ્ય રચનાઓ કરતાં કરતાં મને ખયાલ આવ્યો કે હાસ્ય બીજું કંઈ નથી પણ કરુણાને ઊલટાવીને જોવાની પ્રક્રિયા છે.

રસમીમાંસકોએ હાસ્ય અને કરુણા રસને એક બીજાનાં શત્રુ ગણ્યાં છે. પરન્તુ હકીકતમાં આ બંને એક બીજાંની નજીકનાં રસ છે. બંને એક બીજાંનાં પડછાયા છે. ગુલાબની સુગંધ અને કાંટાની વેદનાની માફક હાસ્ય અને કરુણા બેઉ પાસપાસેની અનુભૂતિ અને અભિવ્યક્તિ બની જતાં હોય છે. ક્રિસ્ટોફર ફ્રાયે કદાચ એટલે જ કહ્યું છે: ‘જ્યારે હું કોમેડી લખવા બેસું છું ત્યારે સૌ પહેલાં મને ટ્રેજેડીનો જ વિચાર આવે છે. જે પાત્રો ટ્રેજેડીને લાયક નથી હોતાં એ પાત્રો કોમેડી માટે ક્યારેય ખપમાં લઈ શકાતાં નથી.

સર્જકતા પર કલ્પના અને વાસ્તવિકતા બંનેની અસર હોય છે. આપણે જે નથી તેની ભરપાઈરૂપે આપણને કલ્પનાશક્તિ મળી છે. આપણે જે છીએ તેના આશ્વાસનરૂપે આપણને રમૂજવૃત્તિ મળી છે. વાસ્તવિક જીવનમાં વર્તાતી વિષમતા, વિસંવાદિતા, વિટંબણામાંથી પ્રગટતી વેદના જ વિનોદ બની જાય છે. ‘વેદના’ અને ‘વિનોદ’માં વપરાતાં વ્યંજનો પણ સરખાં જ છે. હોરસ વાલપોલે સરસ વાત કરી છે, ‘આ જગત વિચારશીલ વ્યકિત માટે હાસ્યપ્રેરક છે અને સંવેદનશીલ વ્યકિત માટે કરુણાસભર છે.’ જીવન જીવનારો દરેક માણસ દોરડા ઉપર સંતુલનનો ખેલ કરનારા નટની માફક વિરુદ્ધ જણાતી અનુભૂતિઓ વચ્ચે સતત ઝોલાં ખાતો રહે છે.

સર્જક પણ હાસ્ય અને કરુણાની વચ્ચે આવી સમતુલા જાળવતો હોય છે. ચાર્લી ચેપ્લિન બાળપણમાં જ્યાં રહેતા હતા તે શેરીમાંથી રોજ ઘેટાંનું ટોળું પસાર થતું. એક દિવસ એક ઘેટું ટોળામાંથી છટકીને ભાગ્યું. રખેવાળે એને પકડી પાડ્યું ત્યાં સુધી ચાલેલા પકડદાવનો ખેલ જોઈને ચાર્લીને ખૂબ હસવું આવ્યું. પછી ખબર પડી કે ઘેટાંને તો કતલખાનામાં લઈ જવાય છે. ત્યારે હાસ્ય કરુણામાં ફેરવાઈ ગયું. આ ઘટનાની ચાર્લી ચેપ્લિનની સર્જકતા પર ઊંડી અસર પડી-હાસ્ય અને કરુણાનો સહયોગ સંયોગ. ‘શૂન્ય’ પાલનપુરીએ કહ્યું છે:

**ચમનમાં પાનખર આવી વસંતોમાં લપાઈને,**
**અદાઓ સ્મિતની ચમકી રુદન-ગગને વિલાઈને,**
**પ્રભુએ સાચવી છે વિશ્વમાં અદ્‌ભુત સમતુલા,**
**ખુશી આવી જીવનમાં તો ગમોની ચોટ ખાઈને.**

**- શ્યામલ મુનશી**

**(સાહિત્યસંપદામાં શ્યામલ મુનશી રવિવાર, ૧૧ સપ્ટેમ્બર, સવારે સાડા દસે હાસ્ય કવિતાઓ સંભળાવશે. સ્થળઃ પ્રેમપુરી, બાબુલનાથ રોડ)**